|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર – જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં -૨૦૭૮ ● અષાઢ સુદ – ૫ ● તા.૪–૦૭–૨૨ ● સોમવાર ● SDP No.: 801 MOB.:+91 7801877774, +91 7718977774 ankasantandharmpatrika@gmail.com

આણંદપર (યક્ષ) નખત્રાણા પ્રવેશોત્સવ

પ્રથમ ધોરણમાં-૦૮ અને આંગણવાડીના-૦૪ બાળકોને સાથે પ્રવેશ અપાયો આણંદપર(યક્ષ)માં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણીઆણંદપર(યક્ષ) કર્યું તે બદલ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

નાના એવા ગામમાં આવા શાળા પ્રવશોત્સવ પ્રસંગે ગામ લોકોએનખત્રાણા તાલુકાના આણંદપર(યક્ષ) ગામે કન્યા કેળવણી તેમજ શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો.

આવેલા મહેમાનોએ દીપ પ્રાગટ્ય કર્યું હતું તેમજ ગામલોકોની હાજરીમાં પહેલા ધોરણમાં-૦૮ તેમજ આંગણવાડી કેન્દ્રમાં-૦૪ બાળકોને તિલક તેમજ ઈનામો આપી વિધિવત્ પ્રવેશ આપવામાં આવ્યો હતો.

શાળાના આચાર્ય રાજેશભાઈએ આવેલ સૌને આવકાર્યા હતા.આ પ્રવશોત્સવ પ્રસંગે સિંચાઈ વિભાગના અધિકારી એન.વાય. સોલંકીએ શાળા પ્રવશોત્સવનું મહત્વ સમજાવ્યું હતું. આમ, આવા કાર્યક્રમો યોજવાથી બાળકોમાં ખુશી જોવા મળતી હોય છે. જેથી કરીને બાળકો શાળાએ હોંશથી આવતા હોય છે.

મોટા સંચાલન કરે એવું નાના બાળકોએ સંચાલન સારુંસારા પ્રમાણમાં હાજરી આપીને શાળાના પ્રસંગને દીપાવ્યો છે જે એક સારી પ્રણાલિકા છે. ગામના પ્રથમ નાગરિક, ઉપસરપંચ, એસ.એમ.સી.ના સભ્યો, ગ્રામપંચાયતના સભ્યો તેમજ દરેક સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

સી.આર.સી. પ્રવીણભાઈ ચાવડા, આંગણવાડી વર્કર વર્ષાબેન, હેતલ ભગત હાજર રહ્યા હતા.

-પ્રવિણ નાકરાણી, સંભાજી નગર.

પુણેના પિમ્પ્રી, ચિંચવડ મુંસિપલ કોર્પોરેશનમાં રમત મહોત્સવ

PCMC યુવતી મંડળ દ્વારા પુરા જોશ અને ઉલ્હાસથી રમત મહોત્સવ ઉજવ્યો હતો. જેમાં ૫૫ બહેનોએ ભાગ લીધો હતો.તેમાં ૫૫ બહેનોને 4 ટીમમાં વિભાગ પાડી રમતનું આયોજન કરવામાં આવેલ.

જેના A,B,C,D આવી રીતે ૦૪ ગ્રુપ બનાવ્યા હતા, રમતમાં ડોઝ બોલ, રીલે, બેડમિન્ટન, રસ્સી ખેંચી,

ટ્રેઝર હન્ટ, ની સાથે ક્રિકેટ પણ રમાડવામાં આવી હતી.

રમતના અંતિમ પડાવમાં D ટીમ વિજેતા અને B ટીમ ઉપવિજેતા થયેલ.

આ રમતગમત ને પ્રોત્સાહન આપવા યુવા મંડળએ પણ હાજરી આપી હતી.

-સંયોજક : અમૃત લીંબાણી, પુણે.

સિકંદરાબાદ યુવા મંડળ દ્વારા કુકીંગ કોમ્પિટિશનનું અદભુત આયોજન

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવા મંડળ, સિકંદરાબાદ દ્વારા મેગી અને નેસ્ટલે, મિલ્કમેડ ના સહયોગ થી કુકીંગ કોમ્પિટિશન કાર્યક્રમ ગત શનિવાર, રવિવાર તા. 02-07 અને 03-07-2022 ના રોજ શ્રી પાટીદાર ભવન, મુસાપેટ, હૈદરાબાદ મધ્યે આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમ સિકંદરાબાદ યુવા મંડળ ના પ્રમુખ રાજેશભાઇ લીંબાણી તેમજ ઉપ પ્રમુખ ગીતાબેન લીંબાણી અને માનદ મંત્રી રમેશભાઈ છાભૈયા ની આગેવાની માં ભારે ઉત્સાહ ભર્યા વાતાવરણમાં આયોજન કરવામાં આવેલ. આ કુકીંગ કોમ્પિટિશન બે વર્ગ માં આયોજન કરવામાં આવેલ. એક વર્ગમાં મોટી ઉમર વાળા માટે અને એક વર્ગમાં નાની યુવતીઓ માટે એમ ત્રણ સભ્યો ની એક ટીમ એવી 22 ટીમોએ ભાગ લીધો હતો.



આ 22 ટીમ માંથી ત્રણ ટીમને વિજેતા ઘોષિત કરવામાં આવેલ.શનિવાર તા. 02-07-2022 ના રોજ મોટી ઉમર વાળા યુવા વર્ગમાં નીચે પ્રમાણે વિજેતા જાહેર થયા હતા.

વિજેતા : અનીતા કલ્પેશ છાભૈયા, ગુંજન રોહીત ચૌધરી, ચંદ્રીકા ચેતન ચૌધરી

ઉપ વિજેતા : 1 જ્યોતિ ઈશ્વર લીંબાણી રેખા જીતેન્દ્ર લીંબાણી પ્રિતી સંજય છાભૈયા

ઉપ વિજેતા : 2 ચંદ્રીકા વિપુલ લીંબાણી, કવીતા મિતુલ લીંબાણી, યોગીતા શ્રવણ લીંબાણી અને

રવિવાર તા.03-07-2022 ના રોજ નાની ઉમર વાળા યુવા વર્ગમાં નીચે પ્રમાણે વિજેતા જાહેર થયા હતા.

વિજેતા : વૃદ્ધિ હિતેશ લીંબાણી, રીદધી હિતેશ લીંબાણી, કંણક વિનોદ લીંબાણી,

ઉપ વિજેતા : 1 વેશ્નાવી વિષાલ છાભૈયા, હીરલ રમેશ છાભૈયા, ઓમકેશ વિષાલ છાભૈયા

ઉપ વિજેતા : 2 નિશીતા શંકર છાભૈયા, તૃપતી શંકર છાભૈયા, અકશીતા અરવિંદ છાભૈયા, બધા વિજેતાને ગીફ્ટ હેમપર્સ સાથે સન્માનિત કરવામાં આવેલ.

-સંયોજક : જસવંત સુરાણી.


મોટી ઉમર વાળામાં વિજેતા ટીમ


નાની ઉમર વાળા માં વિજેતા ટીમ

મોટી ઉમર વાળામાં ઉપ વિજેતા : 1

નાની ઉમર વાળા માં ઉપ વિજેતા : 1


મોટી ઉમર વાળા માં ઉપ વિજેતા : 2


મોટી ઉમર વાળા માં ઉપ વિજેતા : 2

સંસ્કારી સ્માર્ટ ગર્લ, યુવા ઉત્કર્ષ મિશન DMG રીજીયન

સ્માર્ટ મોબાઈલ અને સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે સાથે જનજીવન પણ સ્માર્ટ બનતું જાય છે. આ સ્માર્ટ યુગમાં આપણે પણ સ્માર્ટ બનવું પડશે. પરંતુ સ્માર્ટ અને ફાસ્ટ યુગમાં આપણા સામાજિક સંસ્કાર અને સાંસ્કૃતિક વિરાસત આપણી ભાવિ પેઢીમાં ઉતારવી તે પણ એટલી જ જરૂરી છે. આપણી સમાજ ની દિકરીઓ સ્માર્ટ હોવાની સાથે સંસ્કારી હોવુ પણ ખૂબ જ જરૂરી છે.

આપણી સમાજની દિકરીઓમાં જાગૃતતા, સેલ્ફ ડિફેન્સ, આદર ભાવના, એક બીજા સાથે કોમ્યુનિકેશન, ફ્રેન્ડશિપ, રિલેશનશીપ જેવા અનેક ગુણોનો વર્કશોપ લઇને આપણી દિકરીઓને સંસ્કારી સ્માર્ટ ગર્લ બનાવવા નો પ્રયાસ છે.

➡ આ દ્વિતીય વર્કશોપ માટે DMG રિજીયન લેવલે શ્રી રત્નાગિરી સિંધુદુર્ગ જીલ્લા પાટીદાર યુવાસંઘ (RSYS) અને મહિલા મંડળ દ્વારા સમાજની દિકરીઓ માટે સંસ્કારી સ્માર્ટ ગર્લ કાર્યક્રમના બે દિવસીય શિબિરનું કણકવલી પાટીદાર સમાજ ભવન મુકામે 02 અને 03 જુલાઈ 2022 ના રોજે સવારના 09:30 કલાકે જિલ્લા યુવાસંઘના સેક્રેટરી, મોહન ઠાકરાણીના અધ્યક્ષતા હેઠળ શુભ શરૂવાત કરવામાં આવેલ.

➡ આ પાર્ટ -2 વર્કશોપમાં DMG રિજિયનના લાંજા, રાજાપુર, દેવગડ, કણકવલી, વૈભવવાડી, કુડાળ અને માલવણના સમાજની 13 વર્ષથી ઉપરની કુંવારી 53 દિકરીઓ ભાગ લીધેલ હતો

➡ આ સંસ્કારી સ્માર્ટ ગર્લ પાર્ટ -2 ના કાર્યક્રમના ટ્રેનર પારુલબેન દિવાણી -નાસિક વાળા રહેલ હતાં ખાસ કરીને આ વર્ક શોપમાં હાલમાં આપણી દરેક સમાજને સતાવતા પ્રશ્નો નું ઉગમસ્થાન અને હાલમાં દિકરીઓને આપવામાં આવતી દરેક પ્રકારની છૂટ અને

એના પરિણામે દિકરીઓ દ્વારા ભરવામાં આવતું ગલત પગલાં માટે આપણાં દરેક ઘરનું વાતાવરણ જ જવાબદાર છે જેને લઈને બનતા અઘટિત ઘટનાઓને આપણે કેમ કરીને દિકરીઓને સમજાવીને પોતાની જવાબદારી અને પોતાના પેરન્ટ્સ નો વિશ્વાસ બનાવી રાખવા માટે પ્રયાસ કરેલ.

➡ પાટીદાર ભવન કણકવલી મુકામે યોજાયેલ સંસ્કારી સ્માર્ટ ગર્લ વર્કશોપના સમાપન સમારોહ 03.07.2022 ના 4:30 કલાકે થયેલ. જેમાં RSYS ના સેક્રેટરી નરોત્તમભાઈ દ્વારા મહેમાનોને સ્થાન ગ્રહણ કરાવેલ અને કાર્યક્રમો નું સૂત્ર સંચાલન RSYS ના ચીફ સેક્રેટરી મોહનભાઈ દ્વારા સાંભળવામા આવેલ. ત્યારબાદ RSYS ના યુવા ઉત્કર્ષના કન્વીનર હર્ષાબેન એ વર્કશોપમાં ભાગ લીધેલ સર્વે દિકરીઓના પોતાનાં અનુભવો સાથે વાલીઓના પણ પોતાની દીકરીમાં થયેલા બદલાવનો અનુભવ કરી તેમનાં મંતવ્યો લીધેલ. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનો એ પોતાના મંતવ્યો આપેલ.

➡ ત્યાર બાદ જીલ્લા મહિલા મંડળ દ્વારા કાર્યક્રમના ટ્રેનર પારુલબેનનું યથા યોગ્ય સન્માન કરાવવામાં આવેલ.

➡ સંસ્કારી સ્માર્ટ ગર્લ કાર્યક્રમના સમાપન સમારોહમાં નીચે મુજબ ના મહેમાનો ઉપસ્થિત રહેલા હતા.

➡ RSYS ના મિશન ચેરમેન નરેન્દ્ર પોકાર - લાંજા

➡ DMG ઝોન સમાજના મહામંત્રી અને જિલ્લા સમાજના મહામંત્રી- કાંતિભાઈ ઠાકરાણી

➡ RSYS ના ચીફ સેક્રેટરી મોહન ઠાકરાણી - તળેબજાર

➡ કણકવલી સમાજના પ્રમુખ-કાંતિભાઈ પોકાર

➡ કણકવલી સમાજના મહામંત્રી -રમેશભાઈ પોકાર

➡ જીલ્લા મહિલા મંડળના પ્રમુખ રુક્ષ્મણીબેન ભોજાણી - વૈભવવાડી

➡ જીલ્લા મહિલા મંડળ મહામંત્રી અને DMG રિજિયન સામાજીક અને આધ્યાત્મિક સમિતિ ના કન્વીનર પ્રેમીલાબેન રૂડાણી - રાજાપુર

➡ RSYS ના જોઇન્ટ સેક્રેટરી નરોત્તમ ડાયાણી - કણકવલી

➡ RSYS ના સલાહકાર -વિશ્રામભાઈ રૂડાણી અને રમણભાઈ ઠાકરાણી

➡ DMG રિજીયન ના ચીફ સેક્રેટરી - કિશોરભાઈ પોકાર

➡ DMG યુવા ઉત્કર્ષ PDO અને RSYS યુવા ઉત્કર્ષ PDO હર્ષાબેન ઠાકરાણી - તળેબજાર

➡ કણકવલી સમાજ, યુવા મંડળ અને મહિલા મંડળ ના પ્રમુખો અને મંત્રીઓ તેમજ કણકવલી સમાજ સભ્યો ઉપસ્થિત રહેલ.છેલ્લે કિશોરભાઈ પોકાર દ્વારા સંસ્કારી સ્માર્ટ ગર્લ પાર્ટ -2 ના કાર્યક્રમની આભાર વિધિ કરવામાં આવેલ.

-સંયોજક : રમણિક ઠાકરાણી, દેવગઢ.

શ્રી કચ્છી સમાજ,અમદાવાદ.



તારીખ 03/07/2022 ને રવિવારે બપોરના 02:30 કલાકે અષાઢી બીજ - નૂતન વર્ષ મિલન સમારંભ ને સમૂહભોજન સાથે અનોખી રીતે ઉજવણી કરી. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મુખ્ય તંત્રી અશોકભાઈ મહેતાના માર્ગ દર્શન દ્વારા દિનેશ હોલ , આશ્રમ રોડ પર એક ફૂલ ગુલાબી સામાજીક કોમેડી નાટક આનું નામ ખાનદાની નામનો ભવ્ય નાટક રાખી કરી હતી. આ પ્રોગ્રામમા આપણી સમાજના અગ્રણીઓ તેમજ સમાજના સભ્યો બોળી સંખ્યા માં હાજર રહ્યા હતા...સંયોજક.. મનસુખ પોકાર

સ્થાનિક છાભૈયા પરિવારનું ૧૨ મું સ્નેહમિલન નરોડા ખાતે યોજાયું.

છાભૈયા પરિવારનું દર વર્ષે અષાઢ સુદ ચૌદસના રોજ ગોવાબાપા અને અંગિરા ઋષિ ને યાદ કરતા છાભૈયા પરિવારનું સ્નેહમિલન યોજાય છે, પરંતુ કોરોનાના કારણે બે વર્ષના અંતરાલ બાદ આ વર્ષે તારીખ 3/7/ 2022 ના રવિવારે સ્નેહમિલન નો પ્રોગ્રામ નરોડા વાડી ખાતે યોજવામાં આવેલ.

કાર્યક્રમનુ સંચાલન અલ્પેશ છાભૈયા એ કરેલ જેમાં શરૂઆતમાં કાઉન્સિલ પ્રેસિડેન્ટ ડોક્ટર વિપુલ છાભૈયા પોતાની આગવી શૈલીમાં સૌને આવકારતા સ્વાગત પ્રવચન કરેલ, ત્યારબાદ આપણે સનાતનની પરંપરા પ્રમાણે પરિવારના છ વડીલો દ્વારા ઉમિયામાતાજીને યાદ કરી દિપ પ્રાગટ્ય કરેલ સાથે સાથે પ્રાર્થના ધારવી અને આરતીબેન દ્વારા રજૂ કરવામાં આવેલ,

ગોવાબાપા અને અંગેરા ઋષિની પ્રાર્થના કેશવજીભાઈની આગવવાનીમાં સૌ પરિવારજનોએ કરેલ.

તેમાં મુખ્ય છ વડીલોએ સૂરધન ની આરતી કરેલ સહ પરિવારજનો વારાફરતી દર્શન કરી પ્રસાદ લીધેલ છાભૈયા પરિવારના વિશેષ સન્માનમાં ધી યુનિયન કો ઓપરેટીવ બેંકના બીજી વખત ચેરમેન બનવા બદલ વસંતભાઈ છાભૈયા નું સન્માન વડીલો દ્વારા કરવામાં આવેલ તથા જીએસટી ઇન્સ્પેક્ટર તરીકે વરણી થવા બદલ જય પુરુષોત્તમભાઈ છાભૈયા નું સન્માન યુવાટીમ દ્વારા કરવામાં આવેલ,

હેમંતભાઈ એ વસંતભાઇ અને યુનિયન બેન્ક ની સિદ્ધિ વિશે પરિવાર ને માહિતગાર કરેલ, વસંતભાઈએ પોતાના મંતવ્યમાં જણાવેલ પરિવારથી સન્માન થવું એ ખૂબ જ ગર્વની વાત છે અને બેંક આપણી છે તેના લાભો સૌને થાય તેવી તેમની લાગણી રજૂ કરેલ.

સમાજની પરંપરા જાળવી રાખતા છાભૈયા પરિવારના સ્થાનિક નરોડાની તથા કુવારી નિરાણી નું સન્માન કરવામાં આવેલ જેના દાતાશ્રી સ્વ. બાબુભાઈ ડાયાભાઈ પરિવાર, કેશવજીભાઈ પરિવાર તથા વિજયભાઈ પરીવાર દ્વારા કરવામાં આવેલ,

ગૌદાનની જોળી ફેરવી યથાશક્તિ સૌ ફાળો આપેલ,ઓપન મંચના સૌ નિહાળીએ પોતાના અભિપ્રાયમાં આશીર્વાદ આપતા જણાવેલ આવા પ્રોગ્રામમાં અમને બોલાવી અમારો સન્માન કરવા બદલ પરિવારની ખુબ ખુબ આભાર અને પરિવારને ચડતી થાય તેવા આશીર્વાદ આપેલ.

નિયાણીના સન્માન બાદ સૌનો આભાર જયેશભાઈ છાભૈયા દ્વારા માનવામાં આવેલ. રાષ્ટ્રગાન કરી પ્રોગ્રામની પૂર્ણ જાહેર કરેલ ત્યારબાદ સૌએ ગરબાની રમઝટ બોલાવી નીયાણીઓ સૌપ્રથમ જમાડી પરિવારજનોએ ત્યારબાદ જમણવાર કરેલ.

નરોડા છાભૈયા પરીવારના સ્નેહમિલન માં ૫૫૦ જેટલા સભ્યો હાજર રહેલ આ પ્રોગ્રામની સફળતા માટે યુવા ટીમ અલ્પેશભાઈ, મુન્નાભાઈ, જયેશભાઈ, પ્રભુદાસભાઈ, દીપેશભાઈ તુલસીભાઈ, ડો વિપુલ, અશોકભાઈ રમેશભાઈ, હેમંતભાઈ, મોહનભાઈ, તુલસીભાઈ નો ખુબ જ મોટો ફાળો રહેલ

-ડો.વિપુલ છાભૈયા, નરોડા.

ડો.નિલેશ નાકરાણી લિખિત પુસ્તક નું વિમોચન.



ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ નિલેશભાઇ ની વધુ એક સિધ્ધી.આપણો ઊભરતો યુવાન નિલેશ નાકરાણી સાયણ (સુરત) કચ્છમાં નેત્રા માતાજીના નું જ્યોતિષ વિધા વિષેનુ પુસ્તક એટલે ગ્રહોની ગતિવિધિ નું આજ રોજ સુરતનાં નામાંકિત તત્વવિદોની હાજરીમાં થઇ ગયું છે. એમના મમ્મી પપ્પા એવા રાધાબેન કાનજીભાઇ નાકરાણીનુ પણ આ સ્થાનેથી સન્માન કરવામાં આવ્યું.

જે કણબીનાં દિકરા એવા નિલેશ એ જ્યોતિષ શાસ્ત્રમાં ડબલ ગોલ્ડ મેડલ સાથે ડોક્ટરેટ કરી સમસ્ત કચ્છ કડવા પાટીદાર સમાજનુ નામ મુંઠી ઉંચેરુ કર્યું છે ત્યારે જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

કારણ કે આ પી.એચ.ડી. કરવામાં બ્રાહ્મણોને પણ નાકે દમ આવી જાય એ આપણા આ કુટડા કણબીના દીકરાએ એમના બાળપણના શોખને વાસ્તવિકતામાં બદલી સમસ્ત બ્રાહ્મણવીદમાં પણ નામના મેળવી છે, ઘરમાં હંમેશા સનાતન વૈદિક પ્રાર્થના સાથે વાસ્તુ તેમજ જ્યોતિષ વિધાનાં શોખ ધરાવતા તેમના પિતા કાનજીભાઇ નાકરાણી પાસેથી ગળથૂથીના સંસ્કારોના સિંચન થકી આ કાર્ય સરળતાથી સહજ રીતે કરી સકવાનુ નિલેશભાઇ જણાવી રહ્યા છે.

ભાઇ નિલેશ આપ આપના વિષયમાં ખુબ પ્રગતી કરો અને નામના મેળવો એવી અમારી આ સ્થાનેથી લાગણીઓ વ્યક્ત કરતા ગૌરવભર્યા અભિનંદન પાઠવીએ છીએ. અભિનંદન પાઠવવા-તેમજ જન્માક્ષર કે આ વિષયમાં જાણકારી માટે આપ નીલેશભાઇ ને નિસંકોચ પુછી શકો છો.

નિલેશ:
+91 98985 60045
+91 99096 32291

મહારાષ્ટ રાજ્યમાં ક.ક.પા. સમાજના વિદ્યાર્થી ઝળક્યયા



SSC બોર્ડમાં ૭૪%
કીર્તન રાજેશ લીંબાણી
ધનલક્ષ્મી ઇન્ડસ્ટ્રીઝ, પિંપરી - ચિંચવડ પુના, (કચ્છ ગામ મથલ) સૌ. જાગૃતિબેન રાજેશભાઈ જયંતીલાલ લીંબાણી ના સુપુત્ર મહારાષ્ટ્ર **SSC** બોર્ડ ની પરીક્ષામાં ૭૪% થી ઉતીર્ણ થઈ લીંબાણી પરિવાર તેમજ પિંપરી - ચિંચવડ સમાજ નું ગૌરવ વધારેલ છે.



HSC બોર્ડમાં ૮૦.૩૩%
વિનય સુરેશભાઈ છાભૈયા
જલારામ ટીમ્બર માર્ટ પિંપરી - ચિંચવડ પુના, (કચ્છ ગામ કોટડા જડોદાર) સૌ. વિમળાબેન સુરેશભાઈ હરિલાલભાઈ છાભૈયા ના સુપુત્ર મહારાષ્ટ્ર **HSC**બોર્ડ મા ૮૦.૩૩% થી ઉતીર્ણ થઈ છાભૈયા પરિવાર તેમજ પિંપરી - ચિંચવડ સમાજ નું ગૌરવ વધારેલ છે.



SSC બોર્ડમાં ૯૦.૮૦%
ભૂમિક રાજેશભાઈ વાગડીયા
ઉમિયા મેડિકલ પિંપરી - ચિંચવડ પુના, (કચ્છ ગામ ખોંભડી) સૌ. હિનાબેન રાજેશભાઈ નરશીભાઈ વાગડીયા ના સુપુત્ર મહારાષ્ટ્ર **SSC** બોર્ડ મા ૯૦.૮૦% ઉતીર્ણ થઈ વાગડીયા પરિવાર તેમજ પિંપરી - ચિંચવડ સમાજ નું ગૌરવ વધારેલ છે.

ઉચ્ચ ગુણ મેળવી આવનાર સમયે તેઓ જરૂર પરીવાર અને સમાજનું ગૌરવ વધારશે.
અભિનંદન...
એજ્યુકેશન અને ટેલેન્ટ હન્ટ મિશન.

ખોંભડી ગામનું તળાવ ઓગની જતાં ગામમાં હર્ષોલ્લાસ તેમજ મેઘલાડુ



શનિવાર તા. ૨-૭-૨૨ ના રોજ ખોંભડી મોટી ગામનું શ્રી મંગલેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં આવેલ તળાવ ઓગની જતા ગામમાં હર્ષોલ્લાસનો માહોલ સર્જાયો હતો. આમ જોવા જઈએ તો માદરે વતન (કચ્છ)માં વરસાદ દર વર્ષે સારા એવા પ્રમાણમાં હોતો નથી જો સારા પ્રમાણમાં આવી જાય તો માદરે વતનમાં વસતા લોકોમાં ઉત્સાહનો માહોલ સર્જાય છે તેમાં પણ જો અષાઢી બીજ અથવા સાતમ-આઠમ જેવા તહેવારો (પરબ) ની આજુબાજુ જો સારો વરસાદ પડી જાય તો શું કહેવું.

શ્રી ખોંભડી ગામમાં અષાઢી બીજથી ધીમા સ્વરૂપે ચાલુ થયેલ વરસાદ બીજા દિવસે તેનું જોર વધતા ગામમાં આવેલ ત્રણ તળાવ પૈકી એક તળાવ શ્રી મંગલેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં આવેલ તળાવ ઓગની ગયું હતું અને ગામ જનોમાં હર્ષોલ્લાસ નો માહોલ સર્જાતા ઘરોઘર મેગલાડુ બનાવવામાં આવ્યા હતા.

અંબાજી માતાના સ્થાન પાસે આવેલ તળાવમાં પાણીનો વધારો થતા મુંગા પશુ પક્ષી માટે પાણીની સમસ્યા હલ થયેલ.

મોટી ખોંભડી થી નાની ખોંભડી જતાં હાલમાંજ સરકારી ગ્રાંટ મારફત બનાવવામાં આવેલ મેકણ સરોવરમાં ૫ થી ૬ ફૂટ સુધી પાણીની આવક થયેલ છે.

રવિવાર તા. ૩-૭-૨૨ રોજ સવારના શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ચોક થી ઢોલ નગારા સાથે શોભાયાત્રા માં ગામ જનો ઉત્સાહ અને ઉમંગથી જોડાયા હતા.

શ્રી ખોંભડી ગામ ના ભૂદેવ શ્રીમાન અશ્વિનભાઈ શાસ્ત્રી અને શ્રીમાન મહેશભાઈ શાસ્ત્રીના સાનિધ્યમાં પ્રથમ નાગરિક સરપંચ શ્રીમતી ધરમીષ્ઠા બહેન કાપડી, શ્રી ખોંભડી સમાજના પ્રમુખશ્રી કાંતિભાઈ રવાણી તેમજ વડીલ ના વરદ હસ્તે દ્વારા શાસ્ત્રીય પરંપરાગત વિધિ વિધાન થી તળાવની પૂજા વિધિ કરી વધાવામાં આવેલ.

તારુ યુવાન દ્વારા તળાવ માંથી તરીને શ્રીફળ નાળીયેર બહાર લઇ આવતા બક્ષિસ આપવામાં આવેલ.

મોટી સંખ્યામાં વડિલો, ઉપ સરપંચ શ્રીમતી કાંતાબેન ચૌહાણ, ગ્રામપંચાયત ના સદસ્યો ઘનશ્યામભાઈ, મણીલાલ લાલજી, રામજીભાઈ ખેતા, મનસુખભાઈ કાનજી, શ્રી વિષ્ણુ સમાજ ના પ્રમુખશ્રી ગોવિંદભાઈ પેન્ટર, પુર્વ સરપંચ શ્રી દિલીપ સિંહ જાડેજા અને હરિભાઈ ધોળુ, હિરાલાલ કાપડી, નારાણભાઈ, પ્રવિણભાઈ સોની, લધારામ જીવરાજ, લીલાધરભાઈ, જગદીશ કોઠારી, પરસોત્તમ નારાણ, પ્રવિણભાઈ નાનજી, હરીલાલ નાનજી, ધરમશી વાલજી, શંકરલાલ મનજી, ધરમશી કરમશી તેમજ

આષાઢી બીજ નિમિત્તે અલગ અલગ શહેરોથી પધારેલા પાટીદાર ભાઈ-બહેનો અને ખોંભડી ગામ ના સર્વે ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સંયોજક :
કૃષ્ણકુમાર રવજીભાઈ વાગડીયા, પૂણે.

સામાજિક-આધ્યાત્મિક

અવસાન નોંધ

તા. ૦૨/૦૭/૨૦૨૨	તા. ૦૨/૦૭/૨૦૨૨
સ્વ.અબજીભાઈ દેવશીભાઈ સાંખલા	સ્વ.રણછોડભાઈ માવજીભાઈ પોકાર
ઉમર : ૭૩ વર્ષ	ઉમર વર્ષ : 72 વર્ષ
કચ્છ માં ગામ ઘડાણી,	કચ્છ માં ગામ દયાપર
હાલે કલ્યાણ - મુંબઈ	હાલે - વડાગામ

પત્રવ્યવહાર : ૫૦૧– ૫૦૪, પાંચમો માળ,નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા–દહેગામ રોડ,એસ.પી.રિંગ રોડ પાસે,નરોડા–અમદાવદ. ૩૮૨૩૩૦. મો. ૭૮૦૧૮૭૭૭૭૪